# ખેડુતોને તમાકુના પોષણક્ષમ ભાવ ન મળતા આવેદન અપાયું

ઊંઝા, તા.૧૧

ઊંઝા નજીકના ઉનાવા માર્કેટયાર્ડમાં લાયસન્સી વપારીઓના એસોસિએશનના સભ્યો દ્વારા તમાકુના વેચાણમાં ખેડુતોનું આર્થિક શોષણ થતું હોઈ પાટણ તાલુકાના કમલીવાડા ગામના સરપંચ ત્રિભોવનભાઈ પટેલે તમાકુ પકવતા ખેડુતોની સહીઓ સાથે ઉનાવા બજાર સમિતિના અધ્યક્ષને એક આવેદનપત્ર પાઠવી શોષણ બંધ કરાવવા માંગણી કરી હતી.

દરમિયાન તમાકુના વેચાણમાં થઈ રહેલ શોષણ મુદ્દે મોટી સંખ્યામાં ખેડૂતોએ એકઠા થઈને યાર્ડમાં માલની હરાજી બંધ રખાવી દેતાં વેપારીઓ અને ખેડૂતો વચ્ચે ચકમક ઝરી હતી બાદ મામલો તંગ બની જતાં પથ્થરમારો થયો હતો અને આમને સામને ઝપાઝપી થઈ હતી. જેમાં કેટલાકના કપડાં પણ ફાટી ગયા હતા. ખેડૂતો અને વેપારીઓ વચ્ચેની અથડામણને પગલે યાર્ડમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનાની જાણ ઊંઝા પોલીસેને થતાં દોડી આવી હતી અને મામલો શાંત પાડયો હતો.

આ સંબંધે બજાર સમિતિના અધ્યક્ષને અપાયેલ આવેદનપત્રમાં જણાવાયું હતું કે ઉનાવા યાર્ડમાં તમાકુની લે વેચ કરતા વેપારીઓ પૈકી કેટલાક મોટા વપારીઓ ઊંચા ભાવમાં ખેડૂતોના માલની ખરીદી કરતા હોઈ મોટા ભાગના વેપારીઓને આ બાબત ખટકી હતી અને ઊંચા ભાવે માલ ખરીદી ખેડૂતોને સારા પોષણક્ષમ ભાવ આપતા વેપારી સાથે અંદર ખાનગી વિરોધ દર્શાવી તેમનું લાયસન્સ રદ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આના લીધે ભાવમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો.

બીજું ઉનાવા માર્કેટયાર્ડમાં બજારથી માલ લઈને આવતા ખેડૂતોના માલનું વેચાણમાં તમાકુની એક બોરીની કિંમત ૧૫ રૂપિયા થતી હોવા છતાં ફકત પાંચ રૂપિયા જ ખેડૂતોને મજરે આપતા હોય છે તેમજ તમાકુના વેચાણમાં રજ ડોખલાં પેટે પોણા બે કિલો વજન કાપતા હોય છે. જેના લીધે ખેડૂતોને આર્થિક રીતે નુકસાન થાય છે.

## આજે મુલોજમાં શંકરસિંહની ચૂંટણી સભા યોજાશે

મુલોજ, તા.૧૧

મોડાસાના મુલોજ ગામે આજે તા. ૧૨મી એપ્રિલ ૨૦૧૪ના રોજ સાબરકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાની ચૂંટણી સભા બપોરે ૩.૩૦ કલાકે યોજાશે.

આ ચૂંટણી સભામાં જિલ્લાના કોંગ્રેસી ધારાસભ્યો રાજેન્દ્રસિંહ ઠાકોર, અનિલભાઈ જોષીયારા, અશ્વિનભાઈ કોટવાલ, મહેન્દ્રસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, પ્રતાપસિંહ ખાંટ, રમણસિંહ ખાંટ, બાબુભાઈ ખાંટ, વનરાજસિંહ ખાંટ, પૂજાભાઈ ખાંટ, વિનુભાઈ ડામોર સહિતના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.



પ્રાંતિજ નજીકના તાજપુર કૂઈથી બોભા માર્ગનું રીપેરીંગ કામ કાચબાની ગતિએ ચાલી રહ્યું છે ત્યારે આ માર્ગ પરથી અવર જવર કરતા રાહદારીઓ અને વાહન ચાલક ભારે પરેશાની વેઠી રહ્યા છે. (તસવીર : સંજય રાવલ)

## શાંતિ જાળવવા શસ્ત્રો સાથે રાખવા પર રોક

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરના કમિશ્નર શિવાનંદ ઝાએ શહેરીજનોની શાંતિ અન સલામતી જાળવવા માટે ઘાતક હથિયાર સાથે રાખવા પર પ્રતિબંધ મુકયો છે. આ પ્રતિબંધ ૧૮ એપ્રિલથી ૧૬ જૂન દરમ્યાન સમગ્ર અમદાવાદમાં લાગુ પડશે. શહેરમાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સાલમતી માટે હથિયારો પર પ્રતિબંધ મુકાયો છે ત્યારે જોવાનું હવે એ રહે છે કે ગુનાખોરી ડામવા માટેનો આ નવો કિમીયો કેટલો સફળ રહે છે. ૧૮મી એપ્રિલથી આ જાહેરનામાનો અમલ થશે ત્યારે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાયુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની મનાઈ તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજો પર પ્રતિબંધ રહેશે.

# ફુલાવરના ભાવ ન મળતા પ્રાંતિજના ખેડુતોની સ્થિતિ કફોડી



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૧૧

પ્રાંતિજ તાલુકામાં શાકભાજીનું વાવેતર કરતા ખેડૂતોએ આ વર્ષે મોંઘા બિયારણ તથા દવા નાંખી વિપુલ પ્રમાણમાં ફુલાવરનું વાવેતર કર્યુ છે ત્યારે ફુલાવરના ભાવ ન આવતા મહેનત માથે પડતા સ્થિતિ કફોડી બની છે. ફુલાવરના ભાવ ૩૦ થી ૫૦ ની વચ્ચે રહેતા અસંખ્યા ખેડૂતો હાલ દેવાના ડુંગર નીચે દટાઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ સહિત આસપાસના તાલુકામાં મુખ્યત્વે શાકભાજીમાં ફુલાવર અને કોબીજની ખેતી કરવામાં આવે છે. કારણ કે ઓછા પાણી અને ઓછા ખાતરથી ટૂંકા ગાળામાં વનજદાર ફુલાવર મોટા પ્રમાણમાં ઉતારો આવે આથી નાના મોટા સૌ ખેડૂતો ફુલાવરની ખેતી કરે છે. પરિણામે બજારમાં પણ ફુલાવરની વધુ આવક થાય છે. જેના કારણે બજારમાં ખેડૂતોને યોગ્ય ભાવ મળતો નથી આવા સંજોગોમાં નાના ખેડૂતોને ફુલાવર કાપણી કે માર્કેટમાં માલ લઈ જવા સુધીની મજુરીના પૈસા પણ મળતા નથી. બીજી તરફ ૩,૦૦૦ રૂપિયાના લિટરના ભાવે દવા હોવાથી અને યોગ્ય ભાવ ન મળતા ફુલાવરનું વાવેતર કરતા ખેડુતોમાં ભારે નિરાશા ફેલાઈ છે.

## માલપુરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

મુલોજ, તા.૧૦

આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને માલપુર અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મતદાન જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો. જેમાં યુવા મતદારો મહિલા મતદારોને મતદાન જાગૃતિ વિશે સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં માલપુરના મામલતદાર એમ.એસ.ભોંઈ વન વિભાગ, માલપુરના દિનેશ ઉપાધ્યાય, વી.એન.ચૌધરી, હાર્દિક એજયુ. ટ્રસ્ટ માલપુરના પ્રમુખ ઘનશ્યામ મહેતા તથા હરિઓમ હાઈસ્કુલ માલપુરના આચાર્ય પ્રવિણભાઈ પંડયા તથા આ કાર્યક્રમનું સફળ આયોજન જીજ્ઞેશ ભટ્ટ-પ્રમુખ અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ માલપુર દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહેસાણા-અમદાવાદ માર્ગ પર ગમખ્વાર અકસ્માતમાં ત્રણના મોત : પાંચને ઈજાઓ

મહેસાણા, તા.૧૧

મહેસાણા-અમદાવાદ ફોરલેન હાઈવે પર ભાસરીયા ચોકડી પાસે બપોરના સમયે બે મોટરકારો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં લોકાચાર જઈને પરત ઘેર જતા દરબાર પરિવારના પિતા-પુત્ર સહિત ત્રણ વ્યિકતઓના કરૂણ મોત નિપજયા હતાં જયારે પાંચ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના ધારપુર ગામે રહેતા અભેસિંહ દરબારના વડસ્મા ખાતે રહેતા કુટુંબીજનનું મૃત્યુ થતાં તેઓ પરિવારજનો સાથે મેક્ષ મોટરકારમાં લોકાચારે ગયા હતા. દરમિયાન લોકાચાર જઈને પરત મેક્ષ ગાડીમાં ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ભાસરીયા પાસેના વળાંકમાં અમદાવાદ બાજુથી પુર ઝડપે આવી રહેલ ફોકસવેગન કારે જોરદાર ટકકર મારી હતી. જેથી મેક્ષ ગાડીમાં બેઠેલ એક વ્યકિતનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માતમાં અન્ય છ જેટલા વ્યકિતઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. જેઓને સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન ગંભીર ઈજાગ્રસ્તો એવા બે વ્યકિતઓના મોત થયા હતા. આ ગોઝારા અકસ્માતમાં શંભુજી હિંમતસિંહ દરબાર, ભગતસિંહ અભેસિંહ દરબાર અને અભેસિંહ બેચરસિંહ દરબાર ત્રણેય રહે. ધારપુર (કોટ)ના કરૂણ મોત નિપજયા હતા. અકસ્માતમાં પિતા-પુત્રના આકસ્મિક મોતથી પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. આ બનાવ અંગે લાંઘણજ પોલીસે કાયદેસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



### ભાજપનું ચૂંટણી કાર્યાલય ખુલ્લુ મુકાયું

સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભાના ભારતીય જનતા પક્ષના હિંમતનગર શહેરનું કાર્યાલય મહાવીરનગર ખાતે પૂર્વ ગૃહમંત્રી પ્રફુલભાઈ પટેલના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, પાલીકા પ્રમુખ શંકરભાઈ કહાર, શહેર ચૂંટણી ઈન્ચાર્જ મૌલેશ સોની, હિંમતનગર તાલુકા ભાજપ પ્રમુખ બિપીન ઓઝા, ભાજપ કાર્યાલય મંત્રી અતુલ સોમપુરા, રાકેશ પટેલ સહિત ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ તાલુકાના બોભા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગામના યુવાનો દ્વારા ચાલતા પાવાગઢ પગપાળા સંઘ નિકળ્યો હતો. જેમાં ૩૧ જેટલા માઈ ભક્તો જોડાયા છે. આ સંઘ ત્રણ દિવસમાં ૩૦૦ કિ.મી. અંતર કાપી મહાકાળી મતાજીના ધામે પહોંચી ધજા રોહણ કરી મા ના આશિર્વાદ લઈ ધન્યતા અનુભવશે.

## બાળ પુસ્તકાલય અંતર્ગત ચિત્ર સ્પર્ધા

ભાવનગર, તા. ૧૧

શિશુવિહાર સંસ્થામાં અમૃત મહોત્સવ પ્રસંગે શ્રમિક બાળકોના વિકાસ માટે કાર્યાન્વિત શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે નગરપાલિકાની ૫૭ શાળામાં બાળવાર્તા, વાંચન શિબિર યોજી વાર્તા આધારિત ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ તથા વર્ષ ૨૦૦૯થી ચાલતી બાળ પુસ્તકાલય શાળાઓને ૫૭૦૦ બાળ પુસ્તકો આપવામાં આવેલ. સાથો સાથ બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજી શાળા દીઠ ઉત્તમ ત્રણ ત્રણ બાળકોને પુરસ્કૃત કરવામાં આવેલ.

સમગ્ર પ્રવૃત્તિમાં ઉત્તમ દેખાવ કરનાર બાળકોનો પ્રથમ વર્કશોપ ડિસેમ્બરમાં નાતાલ પર્વ પ્રસંગે યોજાયેલ. જેમાં ૬૬ બાળકો ઉપસ્થિત રહેલ. આ શ્રેણનો બીજો વર્કશોપ તા. ૧૨ એપ્રિલે સવારે ૧૦-૦૦ કલાકે યોજાશે. તેમાં ૪૦થી વધુ બાળકોને નિમંત્રણ આપવામાં આવેલ છે અને પસંદ થયેલ બાળકોના ચિત્રો કેલેન્ડર રૂપે પ્રકાશિત કરવા આયોજન છે.

નગરપાલિકાના બાળકોની પ્રતિભા રાજયસ્તરે વિકસે તે દિશાના પ્રયત્નના ભાગરૂપે શ્રી હિરાબેન માનભાઈ ભટ્ટ કૌશલ્ય વર્ધન કાર્યક્રમ હેઠળ બાળકોના ચિત્રોને પ્રદર્શન રૂપે શાળાઓમાં મુકવા પણ આયોજન છે.

# મહેસાણા લોકસભા બેઠક પર ૨૮ ઉમેદવારો મેદાનમાં

મહેસાણા, તા. ૧૧

મહેસાણા લોકસભા બેઠકની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે કુલ ૨૮ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ભરાયેલ ફોર્મથી ચકાસણી થતાં ભાજપ કોંગ્રેસના ડમી ઉમેદવારો તેમજ ત્રણ અપક્ષ ઉમેદવારોએ ફોર્મમાં અધુરી વિગતો દર્શાવતા કુલ પાંચ ફોર્મ રદ થતાં કુલ ૨૩ ઉમેદવારોના ઉમેદવારી પત્રકો માન્ય રહ્યા હતા. આ ઉમેદવારોમાં ભાજપ-કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષોના તેમજ અપક્ષનો સમાવેશ થાય છે. આમાં સૌથી વધુ ૧૩ ઉમેદવારી પત્રકો અપક્ષ ઉમેદવારોના રહ્યા છે.

ઉમેદવારી પત્રક ભરવાના છેલ્લા દિવસે સૌથી વધુ ૧૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. હવે આવતીકાલે તા. ૧૨મી એપ્રિલના રોજ ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખે કેટલા ઉમેદવારો પોતાની ઉમેદવારી પાછી ખેંચશે ત્યારબાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બનશે.

દરમિયાન આ વખતની મહેસાણા લોકસભાની સીટ પર વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોઈ જિલ્લા ચૂંટણી તંત્રને મતદાન માટે વધારાના ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન મુકવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. પરિણામે તંત્ર પણ મુંઝવણમાં મુકાયું છે અને વધારાના ઈ.વી.એમ. મશીનો બહારથી મંગાવવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.

## ધારી ખાતે ચામુંડા માતાજીનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર ગોહેલ વાઝા સમાજ દ્વારા અમરેલી જિલ્લાના ધારી ખાતે તા. ૧૪, ૧૫ એપ્રિલના રોજ ચામુંડા માતાજીના ઐતિહાસિક મંદિર ખાતે ચામુંડા માતાજીના ફળાનું સ્થાપન, મૂર્તિ પ્રતિષ્ઠાન અને ગોહેલનો નવચંડી હવન યોજવામાં આવશે.

ધાર્મિક પ્રસંગમાં સૌરાષ્ટ્ર-કચ્છ, વિસ્તાર દક્ષિણ ગુજરાત અને મુંબઈ મહારાષ્ટ્ર ખાતે વસતા સમાજને ઉપરોકત સ્થળે ઉપસ્થિત રહેવા જયેશભાઈ ગોહેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બાવનગોળ તેજાનંદ બ્રાહ્મણ વિકાસ ટ્રસ્ટ-સિધ્ધપુર આયોજિત નિવૃત્ત કર્મચારી સન્માન સમારોહ

સિધ્ધપુર, તા.૧૧

સુપ્રસિધ્ધ માતૃતીર્થ સિધ્ધપુર ખાતે શ્રી બાવનગોળ તેજાનંદ બ્રાહ્મણ વિકાસ ટ્રસ્ટ સિધ્ધપુર આયોજિત નિવૃત્ત કર્મચારી સન્માન સમારોહ ખુબ ઉત્સાહ પૂર્વકના વાતાવરણમાં યોજાઈ ગયો.

બાવનગામ ગોળના નિવૃત્ત કર્મચારીઓનું શાલ ઓઢાડી, પુષ્પાહાર અને સ્મૃતિચિહ્ન સન્માનપત્ર અર્પણ કરીને મહાનુભાવોએ સન્માન કર્યુ હતું.

આ પ્રસંગે નિવૃત આસીસ્ટન્ટ કમિશનરશ્રી ડાહ્યાભાઈ શ્રીમાળી, નિવૃત્ત પ્રોફેસર હિરાલાલ જોશીએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હત. ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખશ્રી ગૌતમભાઈ ગેડિયા અને મહામંત્રીશ્રી જયંતિભઈ શ્રીમાળી સહિત તમામે પ્રાસંગિક પ્રવચનોમાં સમાજનું ઋણ અદા કરવાના અવસરને બિરદાવી આગામી દિવસોમાં યુવક યુવતીના શિક્ષણ પર વિશેષ ભાર મુકયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ પદે કામલીના નિવૃત્ત જોઈન્ટ રજીસ્ટ્રાર શ્રી કાન્તિલાલ પી. શ્રીમાળી, કાકોશીના શ્રી સદાશિવ મગનલાલ શ્રીમાળી, કહોડાના શ્રી અમરતલાલ જોશી, સિધ્ધપુરના શ્રી ડાહ્યાલાલ કે. શ્રીમાળી અને મેળોજના શ્રેષ્ઠ શિક્ષકશ્રી દિનેશભાઈ શ્રીમાળી ગુરૂ બ્રાહ્મણ સમાજ પાટણ ઘટકના પ્રમુખશ્રી અનિલકુમાર શ્રીમાળીએ ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

રાજય સ્તરના ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખશ્રી ગૌતમભાઈ ગેડિયા અને શ્રી મહામંત્રીશ્રી જયંતિલાલ શ્રીમાળીનું ભવ્ય સન્માન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. બંને મહાનુભાવોએ તેમના પ્રવચનમાં સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા આપી સમાજના સંગઠન માટે વિશાળ ફલક પર સમાજ દર્શન કરવા પર અને યુવાનોને સંગઠિત થઈ સમાજ વિકાસ માટે કાર્યરત થવા આહ્વાન કર્યુ હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ કાકોશીના શશીવદન એસ. શ્રીમાળી અને મંત્રીશ્રી હરેશભાઈ જોશીએ સંસ્થાની રૂપરેખા અને કાર્યોની વિગત આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન મેળોજના શ્રીડાહ્યાભાઈ શ્રીમાળીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ભગવતીપ્રસાદ શ્રીમાળી, સેદ્રાણા, શ્રી ધીરૂભાઈ શ્રીમાળી, સિધ્ધપુર અને શ્રી અરવિંદભાઈ શ્રીમાળી, નેદરા દ્વારા મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સુરૂચિપૂર્ણ ભોજનનો પણ પ્રબંધ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભાઈ બહેનો સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧